જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૬/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૯ બીયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૩૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૫૨/૨૦૨૬**

ક્રાઇમ બ્રાંચઃ રાકેશસિંહ બંસીસિંહ સિંહ (રહે. હરિદર્શન પાર્ક મોની હોટલ પાછળ ઈસનપુર) એ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૩ થી તા.૨૬/૦૪/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન “રાઘરાની એન્ટરપ્રાઈઝ” ના માલીક આરોપી અનીલકુમાર મેથાની (રહે.ગ્રાઉન્ડ ફ્લોર, શોપીંગ સેન્ટર ઝોન–૬૮, સેક્ટર–૬, હિરાપાથ માનસરોવર જયપુર રજસ્થાન તથા દેશબંધુ હોસ્પીટલ સામે, અયોધ્યાપાથ, હરીપાથ માનસરોવર જયપુર રાજસ્થાન) નાઓની ઓળખાણ દલાલ ઉલ્લાસભાઇ એ રાકેશસિંહ સાથે કરાવેલ અને આ ઉલ્લાસભાઇએ રાકેશસિંહને જણાવેલ કે “અનીલભાઇ મેથાની નો જયપુર રાજસ્થાન ખાતે કાપડનો સારો વેપાર છે અને તેમની સાથે વેપાર કરો તો બે પૈસા વધુ નફો થશે તેમજ તેના પૈસાની જવાબદારી મારી રહેશે”. જેથી રાકેશસિંહ એ તેમના ઉપર વિશ્વાસ કરી વેપાર કરવાની હા પાડેલ. ત્યારબાદ દલાલ ઉલ્લાસભાઇ મારફતે રાકેશસિંહની ફર્મમાંથી આરોપી અનિલકુમાર મેથાણીની ફર્મમાં કુલ રૂપિયા ૧,૩૭,૭૦,૬૬૩/– મતાનો કાચા કાપડનો માલ આપેલ, જેના નાણાં ૭ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપેલ હોવા છતાં અનીલકુમાર મેથાની એ સમયસર પેમેન્ટ નહી ચુકવી પાછળથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૮૧,૧૭,૬૦૮/– ચુકવી આપી બાકી લેણા રૂપિયા ૫૬,૫૩,૦૫૫/– આજદિન સુધી નહી ચુકવી રાકેશસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

સેટેલાઈટઃ નીભાબહેન ડો/ઓ અરવિંદભાઈ ઠાકોર (ઉ.વ.૪૫)(રહે.પ્લોટ નં–૩૫૩/એ–૨ સેક્ટર ૧૨/સી ગાંધીનગર) એ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ રામદેવનગર રવિરશ્મી સોસાયટી ખાતે નીભાબહેન તથા તેમની મિત્ર રોઝ સચીન વેટ્ટોન્થા નાએ યુ.કે વર્ક વિઝા સારૂ આરોપી ધવલ ગડાણી (વારાહી ગ્રુપ)(ઓફીસ: પ્રિધમ લિમિટેડ બિઝસ્પેસ સ્યુટ ઈંગ્લેન્ડ) નાઓ સાથે સંપર્ક કરી, યુ.કે.વર્ક વિઝાની પ્રોસેસ સારૂ અલગ–અલગ તારીખે નીભાબહેન તથા તેમની મિત્ર રોઝ સચીન વેટ્ટોન્થા ના કુલ રૂપિયા ૩૨,૫૨,૧૨૫/– તથા બીપીનચન્દ્ર અમૃતલાલ સોનીના ખાતામાંથી રૂપિયા ૨,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩૫,૦૨,૧૨૫/– નીભાબહેન પાસેથી મેળવી લઈ યુ.કે.વર્ક વિઝાનું કામ નહી કરી આપી, એકાઉન્ટ કલોઝર સેટલમેન્ટ લેટર આપી પૈસા પરત કરવાનો વિશ્વાસ આપી નીભાબહેનના પિતા અરવિંદભાઈ બાબુભાઈ દાંતણીયાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ખાતામાં કુલ રૂપિયા ૬૨,૫૨૮/– જમા કરાવી બાકી લેણા રૂપિયા ૩૪,૩૯,૫૯૭/– પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સંદીપભાઈ અંબારામભાઈ ચલાવે છે.

ઈસનપુરઃ દીપ્તીબહેન સુરેશભાઈ પટેલ (ઉ.વ.૫૨)(રહે.યશ ફલેટ, અનન્યા ફલેટની બાજુમા, મંગલેશ્વર મહાદેવ રોડ, ઘોડાસર) એ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી તા.૧૪/૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૬૨૦૫૮૪૭૭૯૧ ધારકે દીપ્તીબહેન પટેલને દવાખાનામા અપોઈમેન્ટ બુક કરાવા સારૂ લિંક મોકલી પ્રોસેસ કરાવી દીપ્તીબહેન પટેલનો ફોન હેક કરી, તેમના દીકરાના Kotak Mahindra Bank ના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ દીપ્તીબહેન પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૫૩/૨૦૨૬**

ચાંદખેડાઃ અનીલકુમાર બીંદીલાલ નીરાલા (ઉ.વ.૫૯)(રહે.ઈશાન લકઝુરિયા, ન્યુ સી.જી રોડ પાસે, ચાંદખેડા) એ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૬ સાંજના ૫/૧૦ થી ૬/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી (૧) સોનાની બંગડી જોડ–૧ કિંમત રૂપિયા ૩૬,૦૬૦/– (૨) કાનની ટોપ્સ એક જોડ કિંમત રૂપિયા ૧૨,૫૫૪/– (૩) હીરા જડીતા સોનાની અંગુઠી કિંમત રૂપિયા ૬૩,૨૪૩/– મળી કુલ રૂપિયા ૧,૧૧,૮૫૭/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૫૪/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ કિરણભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૨)(રહે, મોચીવાસ ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૬ સવારના ૯/૦૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પુર્વ તરફના ભાગે આંબેડકર બ્રીજ પાસે ઘાટ નંબર–૧૭ વોક–વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

વાડજઃ ચિરાગભાઇ બાબુભાઈ આઠું (ઉ.વ.૩૬)(રહે.તુલસીનગર સૌરાબજી કંમ્પાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપક બાબુભાઈ ચલાવે છે.

નરોડાઃ આરાધનાબહેન વા/ઓ સુખદેવ ચૌધરી (ઉ.વ.૨૮)(રહે.રબારીવાસ પાણીની ટાંકી પાસે, નાના ચિલોડા, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૬/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા ભાડાના રહેણાંક મકાનમા પતરાના શેડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી